અપીલ અરજી નં.૩૯૦ તા.૭–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રામકિશોર રાનારાયણ વર્મા
સામાવાળાઃ– એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રામકિશોર રાનારાયણ વર્માની તા.૨૪–૯–૧૦ની અરજીથી ટે.નં.૧૮ એફ–૯૧–૨૩૬૬–૦–૦૦૧ ના કબ્જેદાર વર્મા રામકિશોર રામનારાયણ છે હતા તેના બદલે સદર ના વેરા બીલમાં રામકુમાર રામનારાયણ નામ કેવી રીતે અને કયારે દાખલ થયેલ છે તેના તમામ પુરાવા આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૭–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૯૦/૨૦૧૦–૧૧.

શ્રી રામકિશોર રાનારાયણ વર્માની તા.૨૪–૯–૧૦ ની અરજીથી ટે.નં.૧૮ એફ–૯૧–૨૩૬૬–૦–૦૦૧ ના કબ્જેદાર વર્મા રામકિશોર રામનારાયણ હતા તેના બદલે સદર ના વેરા બીલમાં રામકુમાર રામનારાયણ નામ કેવી રીતે અને કયારે દાખલ થયેલ છે તેના તમામ પુરાવા આપવા બાબતે એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછા ઝોન)ના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૪૬૯ તા.૨૧–૧–૧૦ થી આપેલ માહિતી બાબતે અસંતોષ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે તુમારની ઉપલબ્ધતા માંગેલ પુરાવાની દફતરી હકીકત પણ સ્પષ્ટ કરવા તથા ન હોય તો નાશ નિકાલની વિગત રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૨૮ તા.૧૬–૩–૧૧ થી એડી. સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત તથા લગભગ ૩ ૧/૨ માસના વિલંબથી કરેલ અપીલ અંગે વાજબીપણુ રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૩૬ તા.૨૩–૩–૧૧ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, અરજદારની તા.૧–૩–૧૧ ની ફરીયાદ અરજી, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૬૯ તા.૨૧–૧૦–૧૦ ના પત્રની નકલ, ટે.નં.૧૮ એફ–૯૧ –૨૩૬૬–૦–૦૦૧ ના ટેક્ષ પેયરના પાર્ટી સ્ટેટસની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ પૂરક વિગતો મળેલ નથી. જાહેર માહિતી અધિકારી તરફથી પૂરક વિગતોમાં અરજદારે અપીલ અરજી દફતર કરવા લેખિત સંમતિ આપેલ છે તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારને આરટીઆઈ સેલ/૧૪૮૮ તા.૨૫–૩–૧૧ થી પુનઃ સ્પષ્ટતા કરવા અંગે પણ જણાવવામાં આવેલ. તેમ છતાં અરજદાર તરફથી અપીલ તબકકે કોઈ વિગતો પૂરી પડાયેલ નથી.

અરજદારની તા. ૨૪–૯–૧૦ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી વરાછાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૪૬૯ તા.૨૧–૧૦–૧૦ થી " સદર બાબતે વરાછાઝોનના આકારણી દફતરે ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં ટે.નં.૧૮ એફ–૯૧–૨૩૬૬–૦–૦૦૧ વાળી મિલ્કતમાં એફ.ડી.ટી નં.૧૪ તા.૧૨–૫–૦૪ ના રોજથી રામકુમાર રામનારાયણનું નામ વેરાબીલમાં દાખલ થયેલ છે આ સાથે પાર્ટી સ્ટેટસ સામેલ છે. " તેવી માહિતી આપવામાં આવેલ છે. જે બાબતે અરજદારે સાડા ત્રણ માસના વિલંબથી કયા પેપરોના આધારે નામ ટ્રાન્સફર થયેલ છે તે પેપરની તારીખ વિગેરે મળેલ નથી. જે બાબતે અસંતોષ હોવાનું જણાવી અપીલ અરજી કરેલ છે. તેમજ અપીલ તબકકે પત્ર પાઠવવા છતાં વિલંબથી કરેલ અપીલ અંગે વાજબીપણું રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ નથી. તેમ છતાં અરજદારે તેવી કોઈ વિગતો અપીલ તબકકે રજૂ કરેલ નથી. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિમાં અપીલ કરવાની જોગવાઈ છે. પરંતુ આવા અધિકારીને એવી ખાતરી થાય કે અપીલ કરનાર પૂરતા કારણોસર સમયસર અપીલ કરી શકય ન હતો તો જ ૩૦ દિવસની મુદત વીતી ગયા પછી તેવી અપીલ સ્વીકારી શકશે. જે વિલંબિત અપીલ અંગે અરજદારની વિલંબ માફી રજૂઆતને આધારે તે ગ્રાહય રાખવાનું અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન છે. આમ વિલંબથી થયેલી અરજી કાયદાનુસાર પ્રથમ દર્શીય રીતે ગ્રાહય રાખવાપાત્ર રહેતી નથી. વધુમાં વરાછા આરટીઆઈ સંકલન તરફથી પૂરક વિગતોમાં અરજદારે અપીલ અરજી દફતરે કરવાની સંમતિ આપેલ હોવાનું જણાવેલ છે. પરંતુ તે અંગે કોઈ અરજદારની અરજી કે તારીખ સહી અંગેની વિગતો સ્પષ્ટ જણાવેલ નથી. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૮૮ તા.૨૫–૩–૧૧ થી પુનઃ અપીલ તબકકે તે અંગે સ્પષ્ટતા માંગવામાં આવેલ. પરંતુ અપીલની કાર્યવાહી દરમ્યાન અપીલ તબકકે કોઈ વિગતો રજૂ કરેલ નથી. તેમ છતાં અરજદારને વેરાબીલનું નામ કેવીરીતે અને કયારે દાખલ થયું તેની વિગતો આપવામાં આવેલ છે પરંતુ તેના પુરાવા અંગેની માહિતી કે વિગતો જાહેર માહિતી અધિકારી તરફથી જણાવવામાં આવેલ નથી. તેના આધાર અંગે કોઈ પ્રકાશ

પાડેલ નથી. અત્રે એ પણ સૂચક છે કે અપીલમાં પક્ષકાર  જાહેર માહિતી અધિકારી હોઈ તેઓ કક્ષાએથી અપીલ તબકકે તેમનો પક્ષ રજૂ કરવા  જણાવતા 'સંકલન'ના પત્રથી  વિગતો રજૂ થયેલ છે.  જે ઉચિત નથી.  જયારે  જાહેર માહિતી અધિકારી પક્ષકાર  હોય ત્યારે  અર્ધ ન્યાયિક  પ્રક્રિયામાં  તેઓને બદલે  અન્ય તરફથી  દરજજો દર્શાવ્યા વિના  રજૂ થયેલ વિગતો આધારભુત  ગણવા પાત્ર થાય નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ   કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૯–૧૦ ની અરજીથી માંગેલ માહિતી અંગે અરજદારે કરેલ અપીલ બાબતે  તેમના ધ્વારા કરેલ અપીલ બાબતે અપીલના વિલંબ અંગે અરજદારને પુનરાવર્તિત  તક આપવા છતાં  સાડા ત્રણ માસના વિલંબિત  સમય ગાળા માટે કોઈ પણ જાતનું  વાજબીપણું રજૂ કરવામાં અરજદાર સફળ રહેલ ન હોઈ  અરજદારની અપીલ ગ્રાહય રાખવામાં આવતી નથી. અને અપીલ દફતરે કરવામાં આવે છે.

જાહેર માહિતી અધિકારી વરાછાઝોન કક્ષાએથી  અપીલ તબકકે  જાહેર માહિતી અધિકારીનો પક્ષ  જાહેર માહિતી અધિકારી મારફતે રજૂ થાય તે અંગે કાળજી લેવા જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ :       –૪–૧૧

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર  જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન)ને ...જાણ તથા અમલ  માટે .
(૨) શ્રી રામકિશોર રાનારાયણ વર્મા,